ગાંધીનગર સમાચાર

અટરલી બટરલી 'અમૂલ બેબી' હવે ફેબ્રિક સ્કલ્પચરમાં ઝળકી

# આ ઉનાળે ગાંધીનગરાઓ હિલ સ્ટેશને ઉપડયા


## નગરજનો સિમલા, મનાલી, લેહ, કાશ્મીર, નૈનીતાલ, જમ્મુ જેવા ઠંડા પ્રદેશોમાં ઠંડક મેળવવા ટુર પ્લાન કરી નિકળી રહ્યા છે

ગાંધીનગર, તા. ૨

દેશના ઉત્તર અને મધ્યના રાજયોમાં સૂર્યદેવ પ્રકાશ રૂપે સતત આગ ઓકી રહ્યા છે. હિટવેવને પગલે દેશ ભરમાં મૃત્યુનો આંક ૧૬૦ને પાર કરી ચુકયો છે ત્યારે ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર સહિતના પશ્ચિમ રાજયોના લોકો ગરમી અને તાપના પ્રકોપથી બચવા ઠંડા પ્રદેશમાં પ્રવાસે નિકળી પડયા છે. પાટનગર ગાંધીનગરમાંથી પણ મોટા પ્રમાણમાં લોકો સિમલા, મનાલી, નૈનીતાલ, જમ્મુ, શ્રીનગર, ડેલહાઉસી, આસામ સહિતના પ્રવાસ સ્થળો માટે ટુર પેકેજ લઈ પ્રવાસે નિકળી પડયા છે. જયારે સરકારી કર્મચારીઓ પણ નોકરીમાં રજાઓ મુકી પરિવાર સાથે એલટીસીના પ્રવાસે ઉપડી ગયા છે.

ભારતમાં ઉત્તર અને મધ્યભાગના રાજયો ઉષ્ણ કટીબંધીત વિસ્તારમાં આવેલા છે. જયાં ઠંડી અને ગરમીની અસર હંમેશા વધારે જ અનુભવાય છે. હાલ પૃથ્વીના વાતાવરણમાં થતા ફેરફારની સીધી અસર લોકો અનુભવી રહ્યા છે.કલાઈમેટ ચેન્જની પણ અસર વધુ જોવા મળી રહી છે. પરિણામે વર્તમાન સમયમાં સૂર્યનો તાપ આકરો બની રહ્યો છે. અંગ દઝાડતી ગરમી અને તાપને લઈ લોકો પરેશાન અને ત્રાહીમામ પોકારી ઉઠયા છે ત્યારે આ અગનજવાળા અને ગરમીથી બચવા લોકો ઠંડા બર્ફીલા પ્રદેશોની વાટ પકડી રહ્યા છે.

ગુજરાત રાજયમાં પણ ગાંધીનગર સહિત અનેક જિલ્લાઓ આકરી ગરમીને લઈ નાગરિકો પરેશાન થઈ ગયા છે અને ગરમી સામે રક્ષણ મેળવવા ઠંડા પ્રદેશોમાં ટુર પ્લાન કરી રવાના થઈ ગયા છે. ગાંધીનગરમાંથી પણ મોટી સંખ્યામાં સહેલાણીઓ આબુ, સિમલા, મનાલી, નૈનીતાલ, ડેલહાઉસી, લેહ-લદાખ, જમ્મુ-કાશ્મીર, આસામ, દાર્જીલીંગ, ઊંટી સહિતના હીલસ્ટેશન તરફ જઈ રહ્યા છે. શાળા-કોલેજમાં પણ વેકશન પડતા રજાઓના માહોલમાં પ્રવાસને લઈ ટુર એન્ડ ટ્રાવેલ્સ કંપનીઓના ધંધામાં પણ દેખીતો ઉછાળો જોવા મળ્યો છે જયારે બીજી તરફ સરકારી કર્મચારીઓ પણ ઓફિસોમાંથી રજા મુકી પરિવાર સાથે એલટીસી લઈ પ્રવાસે ઉપડી ગયા છે જેથી મોટા ભાગની કચેરીમાં હાલમાં કર્મચારીઓની પાંખી હાજરી વર્તાય છે.



## @ગાંધીનગર

● પતંજલિ યોગ સમિતિ તથા નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ દ્વારા મહિલાઓ માટે નિઃશુલ્ક યોગ શિબિર સાંજે ૫ થી ૬ કલાક દરમયાન ભૂમિ પાર્ક, ઉવારસદ રોડ, ન્યુ વાવોલ ખાતે યોજાશે.

● સે-૬-બી ખાતે સાંજે ૪ થી ૭ કલાક દરમિયાન પૂ.મુકુન્દ મહારાજની વ્યાસપીઠે ભાગવત કથા યોજાશે.

## સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા ખાનગી એજન્સીએ ૭ કર્મીઓને તગેડી મુક્યા...!

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા પાંચ વર્ષથી વધુ સમયથી ખાનગી એજન્સીમાં ફરજ બજાવતા કર્મીઓને તા.૧ લી મે થી છુટા કરી દેવાયા છે. આ કર્મીઓમાંથી ૫ કર્મીઓને અન્ય વિભાગમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જયારે જે તે સમયે સિવિલના તબિબિ અધિક્ષકે આ ખાનગી એજન્સીમાં પાંચ વર્ષથી વધુ સમયથી કામ કરતા કર્મીઓનો અન્ય વિભાગમાં સમાવેશ કરાશે તેવી હૈયાધારણા આપવામાં આવી હતી. પરંતુ ખાનગી એજન્સીવાળાએ તબિબિ અધિક્ષકનું પણ માન ન જાળવીને પોતાની મનમાની ચલાવીને કર્મીઓને છુટા કરી દેવાતા કર્મીઓમાં રોષ જોવા મળ્યો હતો.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સીટી સ્કેન, સોનોગ્રાફી, અને એકસ-રે વિભાગમાં અંદાજીત છેલ્લા પાંચ વર્ષથી વધુ સમયથી પોતાની સેવા આપતા ખાનગી એજન્સીના ૧૨ કર્મચારીને છુટા કરી દેવાયા છે. આ કર્મચારીઓએ બે દિવસ અગાઉ સિવિલના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ પોતાની વેદના વ્યકત કરી હતી. જેને પરિણામે સિવિલના સતાધિશોએ ખાનગી એજન્સીના કર્મચારીઓને અન્ય વિભાગમાં સમાવેશ કરવામાં આવશે જે અંતગર્ત ૫ કર્મચારીઓને નોકરી પર અન્ય વિભાગમાં સમાવેશ કરાયો છે જયારે અન્ય કર્મચારીઓને ઘરે પરત ફરવાનો વારો આવતા ભારે રોષે ભરાયા હતા. કારમી મોંઘવારી છતા ખાનગી એજન્સીમાં માત્ર મામુલી પગારે પાંચ વર્ષ થી વધુ સમયથી ફરજ બજાવતા કર્મચારીઓ ઘરે બેસી જતા પોતાના પરિવારનું જીવન નિર્વાહ કેવી રીતે કરવું તે પણ પ્રશ્ન તેમને સતાવી રહ્યો છે. ત્યારે નોકરી પર ફરીથી યોગ્ય વિભાગમાં સમાવેશ થાય તેવું છુટા કરાયેલા કર્મચારીઓ ઈચ્છી રહ્યા છે.

## વાતવાતમાં

● રાજય સરકાર દ્વારા આ વર્ષને યુવા ગૌરવ વર્ષ તરીકે ઉજવવાનું નક્કી થયું છે. હાલ રાજયમાં સરકારના વિવિધ વિભાગોમાં સચિવાલય-બિન સચિવાલય કલાર્કથી માંડીને હેલ્પર ફીટર સુધીની અઢળક જગ્યાઓ માટે ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

● સ્પર્ધાત્મક પરીક્ષાઓના ફોર્મ સાથે નોન-ક્રિમિલેયર સર્ટિફિકેટ એપ્લિકેબલ થતું હોય તો જોડવાનું હોવાથી જિલ્લાના ઉમેદવારો જનસેવા કેન્દ્ર પર ભીડ જમાવી રહ્યા છે. હવે ત્રણ વર્ષની મુદત માટે ઈશ્યુ કરતા આ સર્ટીફીકેટ કઢાવવા ટોકન સીસ્ટમ અમલી બનાવવા છતાં ટોકન લેવા પણ લાંબી લચક લાઈનો લાગે છે.

● શહેરમાં અચાનક હવામાને પલ્ટો લેતા દિવસભર વાતાવરણ વાદળછાયુ રહ્યું જેના કારણે ગરમીમાં રાહત અનુભવાઈ હતી. સાંજના સુમારે તો શહેરના અનેક વિસ્તારમાં વંટોળ અને વરસાદી છાંટણા પણ થતા શહેરીજનો આનંદિત થયા હતા પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં ખેડૂતોની ચિંતા વધી છે.

● દેશના અનેક રાજયોમાં પાણીની અછતની સમસ્યાએ વિરાળ સ્વરૂપ ધારણ કર્યું છે અને ગુજરાતમાં તેની અસર વર્તાય છે. ગાંધીનગરમાં અનેક સેક્ટરોમાં હજુ પણ કેટલાક નગરજનો ઘરની સામે ખુલ્લી જગ્યામાં કે રાત્રે સુવા માટે ધાબાને ઠંડુ કરવામાં પાણીનો બેફામ બગાડ કરતા જોવાઈ રહ્યાં છે.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા ગર્ભ સંસ્કાર કેન્દ્રોના પ્રકલ્પ સંયોજકો માટે પ્રશિક્ષણ વર્ગ

ગાંધીનગર, તા. ૨

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા સમગ્ર ગુજરાતમાં ચાલી રહેલા ૨૩ ગર્ભસંસ્કાર કેન્દ્રોના પ્રકલ્પ સંયોજકોનો પ્રશિક્ષણ વર્ગ તાજેતરમાં ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો.

ઉત્તમ પરામર્શન કૌશલ્ય, સર્જનાત્મક શકિતઓનો વિકાસ, બૌદ્ધિક ચિંતનમાં અભિવૃદ્ધિ, કોમ્પ્યુટરની સમજ અને તેના દ્વારા વહીવટી દક્ષતા વગેરે દ્વારા પ્રકલ્પ સંયોજક બહેનોનું કાર્ય વધુ સુદૃઢ અને પ્રભાવી બને તે હેતુથી દર ત્રણ મહિને ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવે છે. આ પ્રશિક્ષણ વર્ગના હેતુઓ તથા પ્રશિક્ષણની આવશ્યકતા અંગે શરૂઆતમાં જ સમજ આપવામાં આવી હતી.

પ્રશિક્ષણના ઉદઘાટન સત્રમાં ચિલ્ડ્રન્સ યુનિ.ના કુલપતિ ડૉ. કે.એસ લિખિયાએ આ ત્રણ દિવસના પ્રશિક્ષણ વર્ગને 'સાધનાસત્ર' ગણાવી વિજ્ઞાન, કલા અને આધ્યાત્મ સમન્વય દ્વારા સગર્ભા માતાઓને યોગ્ય પ્રશિક્ષણ આપવા સૂચવ્યું હતું. જેથી ચિલ્ડ્રન્સ યુનિ.નું ધ્યેય-સૂત્ર 'તેજસ્વી બાળક તેજસ્વી ભારત' સાકાર થાય અને ભારત પુનઃ જગદગુરુનું સ્થાન પ્રાપ્ત કરે તેવી આશા વ્યકત કરી હતી.

આ ત્રિદિવસીય શિબિરમાં ઉત્તમ પરામર્શન કેવી રીતે કરવું, મનુષ્યના સંસ્કાર ઘડતરમાં ભારતીય ૧૬ સંસ્કારોનું મહત્વ, ઉત્તમ આરોગ્યની જાળવણીનું માર્ગદર્શન, વિધેયાત્મક વિચારોનું મહ્તવ, સર્જનશીલતાની વૃદ્ધિ, સંસ્કૃત સંભાષણ, સગર્ભાવસ્થા અને પોષણયુકત આહાર, સંગીત દ્વારા શિથિલીકરણ, પ્રાણાયામ અને ધ્યાન, કોમ્પ્યુટર પ્રશિક્ષણ, ચિત્રકલા દ્વારા ગર્ભસ્થ શિશુનો ભાવાત્મક વિકાસ, ગણિત ગમ્મત, રમતો, ગર્ભસ્થ શિશુના આંતરિક વિકાસમાં સંગીતની ભૂમિકા, સગર્ભાવસ્થા અને વૈજ્ઞાનિક અભિગમ, સગર્ભાવસ્થા દરમિયાન ફિઝિયોથેરાપીની આવશ્યકતા, વાચન રુચિ અને વિકાસ જેવા મહત્વના વિષયોને આવરીને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

સમગ્ર પ્રશિક્ષણ વર્ગને સફળ બનાવવા માટે યુનિવર્સિટીના તમામ સ્ટાફે પોતાનું યથાયોગ્ય પ્રદાન આપ્યું હતું અને નિમંત્રિત તજજ્ઞો આશાબહેન થાનકી તથા ડૉ. વ્યોમા બહેન કોઠારીએ પણ પ્રકલ્પ સંયોજક બહેનોને અત્યંત જરૂરી એવી સમજ પૂરી પાડી હતી.

# શહેરની પોસ્ટ ઓફિસના કર્મચારીઓની મનમાની સામે ગ્રાહકોમાં રોષ

ગાંધીનગર, તા. ૨

રાજય સરકાર દ્વારા તાજેતરમાં બહાર પડાયેલી વિવિધ વિભાગની ભરતી પ્રક્રિયાને લઈ અસંખ્ય ઉમેદાવારો પોતાની ઉમેદવારી નોંધાવી રહ્યા છે. ત્યારે તે અંગે ભરવામાં આવતુ ચલણ નાની પોસ્ટ ઓફીસમાં ભરાતુ નથી અને શહેરમાં માત્રને માત્ર મુખ્ય પોસ્ટ ઓફિસ પર સ્વીકારય છે. તેવા જવાબો ઉમેદવારોને સાંભળવા મળે છે. ઉમેદાવારોને કલાકો સુધી ચલણ ભરવા લાઈનમા ઉભા રહેવું પડતા ઉમેદવારોમાં રોષ જોવા મળ્યો છે.

રાજય સરકારના વિવિધ વિભાગોમાં ખાલી પડેલી જગ્યાઓની ભરતી પ્રક્રિયા અત્યારે હાલ ઓનલાઈન ચાલી રહી છે. બિન સચિવાલય કલાર્ક, સચિવાલય કલાર્ક, સર્વેયર, હેલ્પર, મિકેનીક, ઈલેકટ્રીશીયન સહિતની જગ્યાઓ માટે ઓનલાઈન ઉમેદવારી નોંધાવ્યા બાદ કેટલીક કેટેગરીમાં સરકાર દ્વારા ફરજીયાત ચલણ ભરવાનું હોય છે. આ ચલણ માત્ર ને માત્ર પોસ્ટ ઓફીસ દ્વારા સ્વીકારવામાં આવે છે. પરંતુ શહેરમાં ઠેર ઠેર આવેલી પોસ્ટ ઓફીસમાં નાની પોસ્ટ ઓફીસમાં સર્વર ડાઉન છે તેમજ મુખ્ય પોસ્ટ ઓફીસમાં જ ચલણ સ્વીકારાય છે. તેવા જવાબો કર્મચારીઓ દ્વારા આપવામાં આવે છે જેને પગલે ઉમેદવારો મુખ્ય પોસ્ટ ઓફીસમાં અસંખ્ય ઉમેદવારો આવી જતા ભારે ભીડ ચલણ માટે જામે છે. ઉમેદવારો કલાકો સુધી લાઈનમાં ઉભા રહે ત્યારે ચલણ માટે નંબર આવે છે. શહેરના કેટલાક સેકટરોની પોસ્ટ ઓફીસમાં ચલણ સ્વીકારતા નથી જેને લઈ ઉમેદવારોએ સિનિયર સુપ્રિરીટેન્ડન્ટ પોસ્ટ વિભાગ ના વડા ત્રિવેદીને ફરિયાદ કરતા તેઓએ જણાવ્યું હતુ કે શહેરમાં આવેલ તમામ પોસ્ટ ઓફીસમાં ચલણ સ્વીકારાય છે. જે કોઈ પોસ્ટ ઓફિસમાં ચલણ સ્વીકારવાની ના પાડે તો તેની જાણ કરો તે કર્મચારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું. આજે કેટલીક જગ્યાઓની ભરતી પ્રક્રિયાનો છેલ્લો દિવસ હોવાથી ઉમેદાવારો ચિંતિત જણાતા હતા. કાળઝાળ ગરમીમાં કલાકો સુધી ઉમેદવારોને ઉભા રહેતા ઉમેદાવારોમાં રોષ જોવા મળ્યો હતો.

# મકાન માટે લોન પાસ કરાવી આપવાનું કહી મિત્રએ કરી રૂ. ૫.૫ લાખની છેતરપીંડી

## સે-૭ પોલીસે ૩ આરોપીઓ સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી

ગાંધીનગર, તા. ૨

શહેરના સેકટર-૪માં રહેતા મિત્રને મિત્ર એ જ મકાન માટે લોન અપાવવાનુંકહી રૂ. ૫.૫ લાખની છેતરપીંડી કરતા ભોગ બનનાર મિત્ર એ તેના મિત્ર અને તેની પત્ની તેમજ પિતા સહિત ત્રણ સામે સેકટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે છેતરપીંડીનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ શહેરના સે-૪ પ્લોટ નં. ૬૮૬/૨ ખાતે નિતેષ ગણપતભાઈ મોહિતે પોતાના પરિવાર સાથે રહે છે. થોડા સમય અગાઉ નિતેષે મકાન લેવા તેના પારિવારિક મિત્ર ચેતન ચંદ્રકાંત ઘાટેને વાત કરી હતી. આથી મકાન લેવા લોનની જરૂરીયાત ઉભી થતા ચેતને બેંકમાંથી લોન અપાવવાનું કરી કાગળીયા કર્યા હતા પરંતુ લોન પાસ ન થઈ હતી. આથી ચેતને નિતેષ પાસે બેંકમાં રૂ. ૩ લાખની એફડી કરાવવાનું કહી રૂ. ૩ લાખ લીધા હતા જેથી લોન સરળતાથી મળી શકે પરંતુ ચેતને રૂ. ૩ લાખની એફ.ડી. નહોતી કરાવી બાદમાં આ મામલે નિતેષને ગોળ ગોળ વાતો કરી હતી. થોડા સમય બાદ ચેતને ફરી નિતષને અન્ય એક મિત્રની જમીન પરનું ભારણ દૂર કરવા રૂ. અઢી લાખ માંગ્યા હતા તે પણ નિતેષે આપ્યા હતા. થોડા સમય બાદ તેની વાતો ખોટી જણાતા તેને આપેલા કુલ રૂ. ૫.૫ લાખની માંગણી કરી હતી આથી ચેતને રૂ. ૨.૫ લાખનો એકસીસ બેંકનો ચેક આપ્યો હતો. જ બેકમાં બાઉન્સ થયો હતો. બાદમાં ચેતને કુલ રકમ રૂ. ૫.૫ લાખનો એસબીઆઈ બેંકનો ચેક આપ્યો હતો પરંતુ એ પણ બાઉન્સ થયો હતો આથી નિતેષે પોતાની સાથે છેતરપીંડી થઈ હોવાની જાણ થતા તેને આ મામલે ચેતન ચંદ્રકાન્ત ઘાટે, ચેતનની પત્ની તેમજ ચંદ્રકાન્ત ઘાટે સામે સે-૭ પોલીસમાં છેતરપીંડીની ફરિયાદ નોંધાવી હતી જેના આધારે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## દલિતો પર થતા અત્યાચાર સામે આક્રોશની લાગણી

ગાંધીનગર, તા. ૨

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની કારોબારી સમિતિ દરમિયાન દલિતો પર થતા અત્યાચાર સામે આક્રોશ વ્યકત કરવામાં આવ્યો હતો. એસોસિએશનના પ્રમુખ ભાનુકાન્ત પરમારના જણાવ્યા મુજબ છેલ્લા બે ત્રણ માસ દરમિયાન દલીતો પર અત્યાચારના બનાવો વધી રહ્યા છે જેના લીધે કાયદો અને વ્યવસ્થાની સ્થાનિક સ્થિતિ સામે પણ પ્રશ્ન ઉઠવા પામ્યો છે. બેઠક દરમિયાન દલિતોને રક્ષણ પુરું પાડવા તેમજ નુકશાન પેટે વળતર ચૂકવવાની માગણી સાથે સર્વાનુમતે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.



# આહીર યુવા ફોરમે ખ-રોડની બસ સેવાને આવકારી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર એસ.ટી.ડેપોની દરેક બસો અત્યાર સુધી ઘ રોડ પર ચાલતી હતી. જે અંગે સેકટર-૪ના વસાહીઓએ ડેપો મેનેજર અને વાહન વ્યવહાર મંત્રીને ખ-રોડ થઈને બસ પસાર થવા રજૂઆત કરવામાં આવી હતી. ૧લી મેના રોજ ગુજરાત સ્થાપના દિવસ ગાંધીનગરથી સરખેજ વાયા ખ રોડનો નવા રૂટનો પ્રારંભ કરાયો હતો. ખ રોડની આ બસ પથિકાથી ઉપડીને ગ-૩, ખ-૩, ખ-૨, ધ-દોઢ, ખ-૧, ખ-૦, સરગાસણ થઈને ઈસકોન-સરખેજ જશે. આ પ્રસંગે આહીર યુવા ફોરમ અને સેકટર-૪ના વસાહતીઓએ ખ દોઢ, સે-૪ના બસ સ્ટોપ ખાતે પ્રથમ રૂટના વધામણા કર્યા હતા. કુ. ક્રિશ્ના જાટીયા, કુ.તિથિ પટેલ તથા અન્ય બાળાઓ દ્વારા બસને કુમકુમ તિલક કરીને સ્વાગત કર્યું હતું ત્યારબાદ બસના પેસેન્જરો તથા ઉપસ્થિત તમામને ચોકલેટ વિતરણ કરાઈ હતી. આ પ્રસંગે કોર્પોરેટર પ્રવિણાબેન વોરા, આહીર યુવા અગ્રણી અશ્વિન જાટીયા તથા અન્ય વસાહતીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે વસાહતી દિલીપ પટેલ, જયોત્સનાબેન દિક્ષિત, કશ્યપ મહેતા, મોતીભાઈ દેસાઈ, ઈશ્વરભાઈ દેસાઈ અને આનંદભાઈએ જહેમત ઉઠાવી હતી.

# અટરલી બટરલી 'અમૂલ બેબી' હવે ફેબ્રિક સ્કલ્પચરમાં ઝળકી

## શ્વેતક્રાંતિની ઓળખ સમી 'અમૂલ' બ્રાન્ડના ગાંધીનગર પ્રવેશને શહેરના સ્કલ્પચર આર્ટિસ્ટ હરિન ભટ્ટે અનોખી રીતે આવકાર્યુ

ગાંધીનગર, તા. ૨

'અમૂલ' એ સહકારી ક્ષેત્ર થકી વિશ્વને શ્વેતક્રાંતિની ગુજરાતે આપેલ અણમોલ ભેટનું નામ છે. આ શ્વેતક્રાંતિમાં ગુજરાતના સહકારી માળખાની સફળતા સાથે ભારતીય ગ્રામ્ય સંસ્કૃતિની અક્ષમતાનો પરિચય પણ સમાયેલો છે. હવે આ નામ અર્બનાઈઝેશનના યુગમાં 'અમૂલ બેબી'ના સહારે માર્કેટીંગ ક્ષેત્રે પણ મોટી હરણફાળ ભરી ચુકયું છે. ગ્લોબલાઈઝેશનના સંકલ્પ સાથે નવા રંગરૂપ ધારણ કરી અમૂલ જયારે દેશના સિમાડાઓ વટાવી વિશ્વ આખામાં પગ પેસારો કરી રહ્યું છે ત્યારે ગાંધીનગરને પણ તેનો લાભ મળવાનો ચાલુ થઈ જતા નગરજનોમાં પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડી રહ્યો છે. આ પ્રતિસાદથી પ્રેરાઈને ગાંધીનગરના જાણીતા સ્કલ્પચર આર્ટિસ્ટ હરિન ભટ્ટે સોફટ ફેબ્રિક જેવા યુનિક માધ્યમના ઉપયોગથી 'અમૂલ બેબી'ના સ્કલ્પચરનું નિર્માણ કર્યું છે.

ફેબ્રિક સ્કલ્પચર એક વૈશ્વિક સ્તરે અજોટ આર્ટ ગણાય છે. આ આર્ટમાં માત્ર કાપડ અને રૂના ઉપયોગ વડે 'સ્કલ્પચર' તૈયાર કરાય છે જે ઘણું પડકારજનક કાર્ય હોય છે. વિશ્વમાં ખૂબ ઓછા આર્ટિસ્ટ આ પ્રકારની કળાનો ઉપયોગ કરે છે. ગાંધીનગરના આર્ટિસ્ટ હરિન ભટ્ટ હરહંમેશ નવા પ્રયોગો કરવા માટે જાણીતા છે. વળી, તેઓ વૈશ્વિક સ્તરની આર્ટ સાથે ભારતીય સંસ્કૃતિનો સુભગ સમન્વય સુપેરે કરી જાણે છે. આ વખતે તેમણે ભારતની શ્વેતક્રાંતિના ગૌરવશાળી નામ અમૂલના ગાંધીનગર પ્રવેશને વધાવવા 'અમૂલ બેબી'નું સ્કલ્પચર બનાવ્યું છે. 'અમૂલ બેબી' એ માર્કેટીંગ ક્ષેત્રે ખૂબ જ અગત્યનું પાત્ર ગણાય છે. કારણ કે તે અમૂલ બ્રાન્ડને વિશાળ પરિપ્રેક્ષ્યમાં વિસ્તારવામાં ખુબ જ સફળ સાબિત થયું છે અને આ કારણે તે અમૂલ બ્રાન્ડની ઓળખ સમાન બની જવા પામ્યું છે.



હરિન ભટ્ટ આમ તો તેમની સ્કલ્પચર આર્ટ માટે વિવિધ માધ્યમો જેવા કે કલે, નેચરલ ફેબ્રિક, કોટન, વુડન વગેરેનો આધાર બનાવી બેજોડ મોડેલ્સ તૈયાર કરતા આવ્યા છે પરંતુ ગાંધીનગરમાં તેમણે વૈશ્વિક સ્તરની કોટન સ્કલ્પચરની આર્ટ ગેલેરી વિકસાવવાનું સ્વપ્ન જોયુ છે. આ આર્ટ ગેલેરી તેઓ વૈશ્વિક કક્ષાની બનાવવા માંગે છે. જેમાં કોટન ફેબ્રિકના યુનિક માધ્યમ થકી અવનવા સ્કલ્પચર ડિસ્પ્લે કરાશે. તેઓએ પોતાના આ સ્વપ્નને સાકાર કરવાના મિશનના ભાગરૂપે જ હાલ આ 'અમૂલ બેબી'નું નિર્માણ કર્યુ છે.



ઘઉંની સીઝન - ઘઉં ભરવાની મોસમમાં ઘરે ઘરે અત્યારે ઘઉંની સાફસૂફીની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે... (તસવીર : કશ્યપ નિમાવત)

## શહેર પેન્શનર્સ સમાજ દ્વારા બેઠક યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ દ્વારા આગામી તા. ૫ મે ને ગુરુવારના રોજ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને કાર્યવાહક સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૪.૦૦ કલાકે યોજાનાર બેઠક સે-૨૨ સ્વાસ્તિક કોમ્પ્લેક્ષના બીજા માળે મળશે. સંસ્થાના નવ રચિત કાર્યવાહક સમિતિના પદાધિકારીઓ સહિત તમામ સભ્યોને ઉપસ્થિત રહેવા પ્રવર મંત્રી રમણલાલ શ્રીમાળીએ અનુરોધ કર્યો છે.

## ચિરવિદાય

● સ્વ. ધર્મરાજ બબન વર્મા, ઉ.વ. ૩૯